**<u>જામનગરના મહે.બીજા એડી. સીવીલ જજ સાહેબની અદાલત સમક્ષ. મુ. જામનગર</u>**

રે.દી.મુ.નં. ૧૧૦/૨૦૨૬

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
થ્રુ ડેપ્યુટી એન્જીનીચર
સેન્ટ્રલ ઝોન સબ ડીવીઝન જામનગર ..........વાદી

**વિરૂઘ્ધ**

એહમદભાઈ રજાકભાઈ મલેક ઉ.વ.૪૪
રહે. આનંદ સોસાયટી, ચિરાગ પાનની બાજુમાં,
સોરઠીયા પ્રજાપતિ વાડીની બાજુમાં, નવાગામઘેડ, જામનગર. .........પ્રતિવાદી.

**બાબત:– દાવો રૂા. ૧,૧૦,૪૦૬.૯૭/– પૈસા પુરા વસુલ મળવા અંગે.**

---

વાદી તરફે :– વિ.વ.શ્રી બી.સી.ચોટાઈ
પ્રતિવાદી તરફે :– ----

---

–:: **<u>આંક–૧ લગત હુકમ</u>** ::–

(૧) હાલના કામે વાદી પક્ષે દાવા અરજી ના મથાળે લેણી નીકળતી રકમનો દાવો કરેલ છે. અને અન્ય મળી શકે તેવી દાદ અપાવતુ હુકમનામુ વાદીના લાભમાં કરી આપવા હુકમ અને હુકમનામુ થવા દાવાઅરજીમાં દર્શાવેલ કારણ સબબ દાવો દાખલ કરી પેરા – ૧૦ મુજબની દાદ માંગેલ છે.

(૨) વાદી પક્ષના દાવાન` લગત અત્રેની અદાલત તરફથી પ્રતિવાદીને ધોરણસર પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ, જેની ધોરણસર ની બજવણી થઈગયેલ અને પ્રતિવાદીએ જાતે વાદી સાથે સમાધાન કરેલ અને સમાધાન મુજબની રકમ જમા કરાવી આપવા સહમત થયેલ છે. અને તેથી વાદીએ આંક–૧૦ થી

કરારદાદથી હુકમનામુ કરી આપવા માટેની સમાધાન કરારદાદ પુરશીશ રજુ રાખેલ અને તે મુજબનુ હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે.

(૩) આ તબકકે વાદીના વિ.વ.શ્રી ને રૂબરૂમાં હાજર રહી સુનાવણી કરેલ છે. અને વાદી તરફે આંક– ૧૦ ની સમાધાનની હકીકતો મુજબનુ હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે. વાદીના વિ.વ.શ્રી ની રજુઆત એવી છે કે આ કામે સી.પી.સી. ઓર્ડર–૨૩ રૂલ ૩ માં એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે જો કોર્ટ ને સંતોષકારક રીતે પુરવાર થાય અથવા વાદીપક્ષ પ્રતિવાદીને સંતોષ કરે, ખાતરી અપાવે કે સમાધાનમાં દર્શાવેલ વિગતે દાવો માંડવાળ થઈ શકે તેમ છે તો તેવો વિષય દાવાની વિષયવસ્તુ હોય કે ના હોય, અને તે દાવાની દાદ હોય કે ના હોય, તો પણ તે મુજબ પક્ષકારો વચ્ચે સમાધાન થી દાવો ફેસલ કરી શકાય છે. આ તબબકે દાવાઅરજી ની દાદમાં જે રકમ માટે દાવો કરેલ છે, તે જોતા સમાધાન કરારદાદ ની શરતો મુજબનો હુકમ કરી આપવા અરજ કરેલ છે.

(૪) અત્રે ઉલ્લેખનીય છે કે કોડ ઓફ સીવીલ પ્રોસજર, ૧૯૦૮ ના ઓર્ડર ૨૩ રૂલ ૩ માં ઠરાવેલ છે કે પક્ષકારો વચ્ચો થયેલ સમાધાન અને સમજુતી જો ભારતીય કરાર અધિનીયમ– ૧૮૭૨ મુજબ વોઈડ કે વોઈડેબલ ન હોય, તો તેને હાલના નિયમ મુજબ કાયદેસરનુ ગણવામાં આવશે, ત્યારે તેવા સંજોગોમાં નામદાર સર્વોચ્ચ અદાલતનો સુપ્રસિધ્ધ રિપોર્ટેડ ચુકાદો.......

Star Construction and Transport Co. v/s India Cements Ltd. [2001 R.A.J. 441(s.c.)]

This rule is a provision for making a decree on any lawful agreement or compromise between the parties during the pendency of the suit by which claim is satisfied or adjusted. The agreement, compromise or satisfaction may relate to the whle or the suit or part of the suit or it may also include matters beyond the subject-matter of the suit.

એટલે કે નામદાર સર્વોચ્ચ અદાલતે પણ ઠાવેલ છે કે પક્ષકારો વચ્ચે થયેલ સમાધાનમાં દાવાની વિષય વસ્તુ થી પર કોઈ વિષયવસ્તુ લગત સમાધાન થવાનુ પક્ષકારો નકિક કરે તો તેને પણ સમગ્ર દાવા કે દાવાના કોઈ ભાગ સાથે સંલગ્ન ગણી શકાય. તેવા સંજોગોમાં પક્ષકારો વચ્ચે દાવાની હકીકત અને દાદ કરતા પણ વધારાની શરતો સાથે સમાધાન /સમજુતી થયેલ હોય તો તે સમજુતી ભારતીય કરાર ધારામાં આપેલ વોઈડ અને વોઈડેબલ પ્રકારની સમજુતી નથી તેવી વાદી પક્ષની રજુઆત છે. અને સમાધાન થી નિકાલ થાય તેવા દાવામાં તકરારનો કાયમી નીકાલ આવે તેવા શુભ આશય થી પક્ષકારો વચ્ચે સમાધાન રેકડ પર લેવામાં આવેલ છે. તેવા

સંજોગોમાં પક્ષકારોના સમાધાન કરાર મુજબ હુકમનામુ દોરવામાં આવે તે ન્યાયોચીત જણાય છે. તેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**-:: આખરી હુકમ ::-**

(૧) આથી પક્ષકારો વચ્ચે થયેલ આંક-૧૦ ના કરારદાદ થી સમાધાન ના અનુસંધાને કોડ ઓફ સીવીલ પ્રોસીજર ૧૯૦૮ ના ઓર્ડર ૨૩ રૂલ ૩ મુજબ હાલનો દાવો ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આંક-૧૦ ના કરારદાદ મુજબ શરતોનુ પાલન કરવુ.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

(૪) કોર્ટ ફી રીફંડ વાદીના નામનુ નિયમ મુજબનુ ઈસ્યુ કરવુ.

(૫) પક્ષકારોએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

આ હુકમ આજ તારીખ ૧૧ માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોક-અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

જામનગર.
તા.૧૧/૦૭/૨૦૨૬

**(કે.એસ.મોદી.)**
બીજા એડી. સીવીલ જજ જામનગર
કોડ નં.જીજે ૦૧૫૬૦